**વિષય.—નહેરની બન્ને બાજુની જમીનના ઉપયોગ બાબત**

**પૂર્વ ભૂમિકા**

**ગુજરાત સરકાર સિંચાઈ વિભાગ, ઠરાવ નંબર એલડપીબલ્યુ-૧૦૮૦/પ/પી, સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૮૦.**

ઉપર સંદર્ભ ૭માં જણાવેલ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૭૯ના ઠરાવ નં એલપીડબલ્યુ-૧૦૬૯/૯૬ થી સંદર્ભ એક થી છમાં દર્શાવેલા હુકમોની મુદત તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ સુધી લંબાવવામાં આવી છે. નહેરની બન્ને બાજુઓએ આવેલી જમીન વન વિભાગ તરફથી વૃક્ષારોપણ કાર્યક્રમ હાથ ધરાય નહિ ત્યાં સુધી તેની તદ્દન નજીકના ખેતરોના માલીકોને વાવેતર આપવા ઘાસ લેવા માટે આપવા કેટલીક શરતોને આધીન રહીને સંદર્ભ ૩, ૫ અને ૬માં દર્શાવેલ સરકારી હુકમો અનુસાર નીતિ નક્કી કરેલ છે, જે ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ સુધી લંબાવવામાં આવેલ છે. આ નીતિમાં અંશતઃ ફેરફાર કરવાનું સરકારની વિચારણામાં હતું.

**ઠરાવ**

ઉપરોક્ત બાબત અંગે યોગ્ય વિચારણા કર્યા બાદ સરકાર ઠરાવે છે કે મોટી અને મધ્યમ અને નાની સિંચાઈ યોજનાઓની નહેરોની બન્ને બાજુએ સંપાદન કરેલ જમીન, કે જેની ઉપર વન વિભાગ તરફથી વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરાય નહિ ત્યાં સુધી તેમાં ઉગેલ ઘાસચારો વેચાણ લઈ જવા માટે અથવા આવી જમીનો ખેડવા માટે નીચે મુજબની અગ્રિમતા પ્રમાણે આપવી.

**(૧) પ્રથમ અગ્રિમતા .—ઘાસચારાનું વેચાણ.**—ઘાસચારાના વેચાણ માટે નીચે મુજબનું અગ્રિમતાનું ધોરણ અપનાવવાનું રહેશે.

ક. ખેત મજુરોની દુધ મંડળી

ખ. ખેત મજુર મંડળી

ગ. ગામની સામાન્ય દુધ મંડળી

ઘ. ખેતી સિંચાઈ મંડળી

ચ. ખેતરની નજીકના માલિકને.

ઘાસચારો વેચાણ લેનાર તે નહેરની જમીનમાં ઢોર ચારવા માટે લાવી શકશે નહીં પરંતુ પોતાને ખર્ચે ઘાસ કાપીને લઈ જવાનું રહેશે. સદરહુ ઘાસચારાની વેચાણ કિંમત સંદર્ભ-૧ અને ૨માં જણાવેલ હુકમો અનુસાર નક્કી કરવાની રહેશે.

**(૨) બીજી અગ્રિમતા : ખેડાણ માટે.—**

જો ઉપરોક્ત પ્રથમ અગ્રિમતા મુજબ ઘાસચારો વેચાતો લેવાની માંગણી હોય નહિ તો સંદર્ભ ૩, ૫ અને ૬ થી નક્કી થયા મુજબ સિંચાઈ યોજનાઓની નહેરોની બન્ને બાજુએ આવેલ જમીન ફાજલ હોય તો તેની તદ્દન નજીકના ખેતરોના માલીકો વાવેતર માટે લેવા તૈયાર હોય તો તેમને ઠરાવેલ શરતો મુજબ ભાડે આપવો.

**(૩) ત્રીજી અગ્રિમતા : ઘાસચારાની જાહેર હરાજી.—**

જો ઉપરોક્ત બન્ને અગ્રિમતા મુજબ ઘાસનું વેચાણ અથવા તો જમીનની ખેડાણ માટે ઉપયોગ થવાની શક્યતા હોય નહિ તો ઘાસની જાહેર હરાજી સંદર્ભ ૧ અને ૨માં જણાવેલ તારીખ ૧૬મી જુલાઈ ૧૯૬૬ તથા ૨૧મી ડિસેમ્બર ૧૯૬૮ ના હુકમો અનુસાર કરવી. હરાજીમાં ઠરાવેલ લઘુત્તમ કિંમત કરતાં ઓછી રકમ બોલાય તો અન્યથા હરાજી મંજૂર રાખવાની સત્તા હોય તેનાથી એક કક્ષા ઉપરના ઈજનેરી અધિકારીને આવી હરાજી પ્રત્યેક કિસ્સાના ગુણદોષ જોઈ મંજૂરી આપવાની સત્તા આપવાનું પણ ઠરાવવામાં આવે છે. માત્ર મોટી/મધ્યમ કદની સિંચાઈ યોજનાઓની નહેરોની સંપાદન કરેલ બાજુની જમીન વન વિભાગને વૃક્ષારોપણ માટે ઉપયોગ કરવા સોંપવાની નીતિ સરકારના તારીખ ૩જી નવેમ્બર ૧૯૭૧ના સંદર્ભ ૪માં દર્શાવેલ પત્રથી નક્કી કરેલ છે. તે તથા સંદર્ભ-૭માં દર્શાવેલ તારીખ ૨૭મી ફેબ્રુઆરી ૧૯૭૯ના ઠરાવના પારા-૨ થી ફળઝાડને ઉત્તેજન આપવાની નીતિઓ પણ યથાવત ચાલુ રાખવામાં આવે છે.

આ હુકમનો અમલ તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૮૧ સુધી રહેશે.